# સોનલ ગરબો શીરે, અંબે મા, ચાલો ધીરે ધીરે


સંસ્કાર ધામ, પુણાગામ રોડ


કુલબાઈ માતા મંદિર, સિંગણપોર રોડ


આઈ માતા રોડ, પર્વત પાટિયા

જિલ્લા સેવા સદન, અઠવાલાઈન્સ

# રિઝર્વેશન મૂકી દેવાતાં કતારગામની ત્રણ ટીપીના સેંકડો પરિવારોનાં ઘર તૂટવાનો ડર

**2022ના** ડ્રાફ્ટ પ્લાન મુજબ મકાનો ખરીદ્યા ત્યારે કોઈ રિઝર્વેશન ન હતું: સ્થિતિ યથાવત કરવા કલેક્ટરને રહીશોની રજૂઆત



સુરતઃ કતારગામ ઝોન વિસ્તારમાં ટીપી 49, 50, 51માં રિઝર્વેશન દૂર કરવાની માંગ રહીશો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપીને કરવામાં આવી હતી. રજુઆતમાં જણાવાયું છે કે, સોસાયટીઓના રહીશો દ્વારા 2002નો ડ્રાફ્ટ પ્લાન મુજબ પ્રોપર્ટી ખરીદવામાં આવી હતી અને એકાએક જ આ તમામ પ્રોપર્ટીને રિઝર્વેશનમાં મૂકી દેતા ખૂબ મોટી સમસ્યા ઊભી થઈ છે. અનેક પરિવારો રસ્તા પર આવી જવાની ભીતી ઉભી થઇ છે.

કતારગામના ટીપી 49, 50 અને 51નું રિઝર્વેશન દૂર કરવાની માગ રહીશોએ કરી હતી. આ રિઝર્વેશનને કારણે હજારો પરિવારને અસર થશે તેમજ મકાન પ્લોટ જતા રહેશે. વર્ષ 2002માં તમામ પ્રોપર્ટીઓની તપાસ કર્યા બાદ રહીશો દ્વારા તેને ખરીદવામાં આવી હતી. ત્યારે એક પણ સોસાયટી રિઝર્વમાં આવતી ન હતી. એવી માંગણી કરવામાં આવી છે કે, જ્યારે હજારો પરિવારોએ પોતાના મકાન અને પ્લોટ ખરીદ્યા ત્યારે કોઈપણ પ્રકારનું રિઝર્વેશન નહોતું. હવે એકાએક રિઝર્વેશનના કારણે અમારી આ પ્રોપર્ટી છીનવાઈ જાય તેમ છે. જે પ્લોટ અમારા ટીપી વિસ્તારની અંદર રિઝર્વ હોવાની વાત કરવામાં આવી રહી છે, તેને પહેલાની જેમ જ ડ્રાફ્ટ મંજૂરી પ્રમાણે કરી દેવામાં આવે.

# સ્મીમેરમાં યુવકના મોતને પગલે હોબાળો, તબીબોએ આધારકાર્ડ વિના સારવાર નહીં કરી હોવાના આક્ષેપ

**મનપાની** હોસ્પિટલ ફરી વિવાદની ચકડોળે, તબીબોએ સાંજ સુધી સારવાર આપી નહીં હોવાના આક્ષેપ સાથે પરિજનોએ હંગામો મચાવ્યો

સુરતઃ સ્મીમેર હોસ્પિટલ ફરી એક વખત વિવાદમાં આવી છે. બેભાન અવસ્થામાં સારવાર માટે લઈ જવાયેલા 18 વર્ષીય યુવકનું સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. ડોક્ટરોએ આધારકાર્ડ વગર સારવાર નહીં કરતા તબીબી બેદરકારીના કારણે યુવકનું મોત થયું હોવાનો મૃતકના પરિજનોએ આક્ષેપ કર્યો હતો.

સ્મીમેર હોસ્પિટલમાંથી મળતી માહિતી અનુસાર અમરોલી કોસાડ આવાસમાં રહેતો 18 વર્ષીય ક્રિષ્ના કૈલાશ કેદાર અંજની ઈન્ડસ્ટ્રીયલમાં નોકરી કરતો હતો. તેના પિતા સંચાખાતામાં કામ કરે છે. ક્રિષ્નાને અન્ય બે બહેન છે.

ક્રિષ્નાને તાવ આવતો હતો, દરમિયાન આજે સવારે ઘરમાં તેની તબિયત વધુ લથડતા પરિવારજનો સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. એકના એક પુત્રના મોતના પગલે કેઝ્યુલિટી વિભાગની બહાર પરિવારજનોએ રડારોળ શરૂ કરી હતી.

મૃતક ક્રિષ્નાના પરિવારે સ્મીમેર હોસ્પિટલના ડોક્ટરો પર બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. પરિવારજનોએ જણાવ્યું હતું કે ક્રિષ્નાને તાત્કાલિક સારવાર વોર્ડમાં સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે પહેલા માળે વોર્ડમાં લઈ જવાયો હતો. ત્યાં ફરજ પરના ડોક્ટરે આધાર કાર્ડ વગર તેની સારવાર કરવાનો ઈનકાર કરી દીધો હતો. આધાર કાર્ડ લાવો નહીં તો નીચે લઈ જાઓ તેવું કહેતા હતા. સાંજ સુધી ડોક્ટરોએ સારવાર સુધ્ધાં આપી નહતી. જેથી અમે તેને પરત ઘરે લઇ જવા મજબુર હતા.

## દર્દીને સારવાર આપી હતી, ડોક્ટરોએ આધાર કાર્ડ માંગ્યું નહોતુંઃ સ્મીમેર સુપ્રિ.

સ્મીમેર હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. જિતેન્દ્ર નાયકે જણાવ્યું હતું કે દર્દી ક્રિષ્નાને આઈસીયુ વોર્ડમાં જરૂરી સારવાર આપ્યા બાદ દાખલ કરવામાં આવ્યો હતો અને જ્યાં તેને સારવાર પણ આપવામાં આવતી હતી. પરંતુ બાદમાં દર્દીના પિતાએ જ દાખલ કરવા માટે ઇન્કાર કરી દીધો હતો. ડોક્ટરોએ આધાર કાર્ડ માંગ્યું નહતું.

# પાલ-ગૌરવપથ ખાતે યશ્વી નવરાત્રિમાં VIP સ્ટેજ નીચેથી ઝેરી સાપ નીકળ્યો

**સાપને** જોતાં જ ધમાચકડી મચી, ફાયરબ્રિગેડના અધિકારીઓએ દોડી જઈને અતિ ઝેરી કોમન ક્રેટ સાપને રેસ્ક્યુ કરી લીધો



સુરતઃ પાલ, ગૌરવપથ ખાતે જાણીતી ગાયિકા કિંજલ દવે સથવારે આયોજીત યશ્વી નવરાત્રિમાં વિશાળ ડોમમાં સોમવારે રાત્રે સાડા દસ કલાકે હજારો ખૈલેયાઓની વચ્ચે અચાનક વીઆઈપી સ્ટેજની નીચેથી કોમન ક્રેટ તરીકે જાણીતો ઝેરી સાપ નીકળતાં દોડાદોડી થઈ ગઈ હતી. જોકે, તુરંત દોડી આવેલા ફાયર બ્રિગેડના અધિકારીઓએ લોકોને સાઈડમાં કરીને આ સાપને પકડી લીધો હતો.

ફાયર ઓફિસર ધર્મેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્ટેજ ઉપરથી નીકળેલો સાપ કોમન ક્રેટ નામનો સાપ હતો.

જે સાપોની પ્રજાતિમાં અત્યંત ઝેરી પ્રકારનો સાપ હોય છે. જો કે, ફાયરની ટીમે તેને પકડી લેતાં મોટી ઘટના બનતી અટકી ગઇ હતી. ઉલ્લેખનીય છે કે, જ્યાં સાપ નીકળ્યો તે વીઆઈપી સ્ટેજ પર સુરતના પો.કમિ.ની સાથે અન્ય વીઆઈપી મહેમાનો પણ બેઠા હતા.

## ડોમમાં પહેલા દિવસથી જ સાપ અને વન્યજીવોને રેસ્ક્યુ કરનારી ટીમ તૈનાત કરાયેલી છેઃ સત્યેન નાયક

યશ્વી નવરાત્રિના આયોજક સત્યેનભાઈ નાયકે જણાવ્યું હતું કે, અમે સુરક્ષાની તમામ વ્યવસ્થા કરી છે. ડોમમાં પહેલા દિવસથી જ સાપ તથા વન્યજીવોને રેસ્ક્યુ કરનારી ટીમને તૈનાત કરી દેવામાં આવી છે.

# બોગસ ચલણી નોટના ગુનામાં બે આરોપીને ત્રણ વર્ષની સખત કેદ

**કોર્ટે** બંનેને 10 હજારનો દંડ પણ ફટકાર્યોઃ પાંચ પૈકી બે આરોપી નિર્દોષ, એકનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું

સુરતઃ બોગસ નોટના ગુનામાં કોર્ટે બે આરોપીઓને કસૂરવાર ઠેરવીને 3 વર્ષની સખત કેદની સજા અને 10 હજાર રૂપિયાનો દંડનો હુકમ કર્યો છે.

પુણા રોડ ખાતે આરોપી નરેશ સવજી શેટા રહેતો હતો. તેના ઘરે અશોક ઉર્ફે ભુરો મનસુખ પટેલ, રાજેશ બાબુ કાકડિયા, રમણીક ઉર્ફે રમેશ ફોજી નાગર દલવાડી સહિતના આરોપીઓ ભેગા થતા હતા. ત્યાં તેઓ બોગસ ચલણી નોટ છાપવા માટે કલર પ્રિન્ટર, કાગળ, તથા નોટો છાપવા માટે જરૂરી વસ્તુઓ ખરીદીને 1000, 500, 50, 20ના દરની બોગસ નોટ બનાવતા હતાં.

21 જુન 2009ના રોજ એસઓજીએ રેઇડ કરી આરોપીઓના કબ્જામાંથી 1000ના દરની, 500ના દરની, 50ના દરની અને 20ના દરની બોગસ નોટો સહિત 2.29 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરાંત અન્ય 25 હજારની બોગસ નોટો આરોપી શિવા જોષીએ જલા પટેલને આપી હતી. આ બાબતે પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી અને આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજુ કરી હતી.

સરકાર તરફે એડવોકેટ એજીપી વી.એલ. ફળદુએ આરોપીઓને મહત્તમ સજાની માંગ કરી હતી. આ કેસ ચાલી ગયો હતો. કોર્ટે આરોપી અશોક ઉર્ફે ભુરો મનસુખ પટેલ અને રાજેશ બાબુ કાકડિયાને કસૂરવાર ઠેરવીને 3 વર્ષની સખત કેદની સજા અને 10 હજાર રૂપિયાના દંડનો હુકમ કર્યો હતો. આરોપી શિવા જોષી અને રણમીક ઉર્ફે રમેશ ફોજીને નિર્દોષ જાહેર કર્યા હતા. આરોપી નરેશ શેટાનું ટ્રાયલ દરમિયાન અવસાન થયું હોવાથી તેમને અબેટ કરાયા છે.

# પવિત્ર નવરાત્રિમાં અંગદાન, 77 વર્ષના બ્રેઈનડેડ વૃદ્ધની કિડની-આંખોનું દાન

**ચાર** વ્યક્તિઓને નવજીવન મળ્યું, સુરતની ખાનગી હોસ્પિટલમાં પહેલી વખત કેડેવરીક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ

સુરતઃ નવરાત્રિના પવિત્ર દિવસોમાં સુરત શહેરમાંથી વધુ એક અંગદાનની ઘટના બની હતી. જેમાં 77 વર્ષના બ્રેઈનડેડ વૃદ્ધની કિડની અને આંખોથી ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યું હતું.

જી-1, હરેક્રિષ્ના એપાર્ટમેન્ટ પ્રાઈમ આર્કેડ, અડાજણમાં રહેતા અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા ભુપેન્દ્રભાઈ છગનલાલ ગાંધી મોપેડ પર જતા હતા ત્યારે અડાજણ જય અંબે મંદિર પાસે કોઈ અજાણ્યા કારચાલકે મોપેડને ટક્કર મારતા તેમને માથામાં ગંભીર ઈજાઓ બાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન 7 ઓક્ટોબરના રોજ ભુપેન્દ્રભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા. જેની જાણકારી ડોનેટ લાઈફના સ્થાપક નિલેશ માંડલેવાલાને કરી હતી.

ડોનેટ લાઈફની ટીમે ભુપેન્દ્રભાઈના પુત્રો તારકભાઈ અને ધરમભાઈ, પુત્રી તેજલબેન ચૈતન્ય પુરોહિત સહિત પરિવારજનોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી. પરિવારજનોએ અંગદાનમાં સંમતિ આપી હતી.

અંગદાનની સંમતી મળતા SOTTOનો સંપર્ક કરવામાં આવ્યો. SOTTO દ્વારા એક કિડની સુરતની મહાવીર ટ્રોમા હોસ્પિટલને અને બીજી કિડની વડોદરાની સ્ટર્લીંગ હોસ્પિટલને ફાળવવામાં આવી હતી.

દાનમાં મેળવવામાં આવેલી બે કિડનીમાંથી એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સુરતની રહેવાસી 61 વર્ષીય મહિલામાં કરવામાં આવ્યું જ્યારે બીજી કીડનીનું ટ્રાન્સપ્લાન્ટ થાણે, મુંબઈના રહેવાસી 24 વર્ષીય વ્યક્તિમાં વડોદરાની હોસ્પિટલમાં કરવામાં આવશે. સુરતની ખાનગી હોસ્પિટલમાં પહેલી વખત કેડેવરીક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

# રામલીલામાં કોમી એકતાઃ 40 વર્ષથી યુપીના મુસ્લિમ કારીગરો રાવણનું પૂતળું બનાવે છે

**ઉત્તર** પ્રદેશના મથુરાથી સુરત આવેલા પંદર જેટલા મુસ્લિમ કારીગરો હિન્દુ-મુસ્લિમનો ભેદભાવ રાખ્યા વિના વર્ષોથી દશેરા અગાઉ રાવણનાં ગગનચૂંબી પૂતળાં બનાવે છે

સુરતઃ શહેરમાં દશેરાના તહેવારને લઈ તડામાર તૈયારીઓનો છેલ્લો દોર છે. શહેરમાં વેસુ વી.આઈ.પી. રોડ ખાતે દર વર્ષે રાવણના પૂતળા દહનનો કાર્યક્રમ ખૂબ જ મોટા પાયે કરવામાં આવે છે. આ પ્રસંગને જોવા શહેરની પ્રજા પણ ભારે ઉત્સુક હોય છે. ત્યારે આ પૂતળાંની તૈયારીઓને હવે અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. રાવણ, કુંભકર્ણ તથા મેઘનાથના પૂતળાં કંડારનાર કલાકારો તેની પાછળ દિવસ અને રાતથી સતત એક મહિના કરતા વધુ સમયથી મહેનત કરી રહ્યા છે. આ પૂતળાં છેલ્લાં 40 વર્ષથી ઉત્તર પ્રદેશના મથુરાથી સુરત આવેલા પંદર જેટલા મુસ્લિમ કારીગરો તૈયાર કરે છે. આ કારીગરો હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઈપણ ભેદભાવ રાખ્યા વિના વર્ષોથી દશેરા અગાઉ રાવણના પૂતળાં બનાવવાની તૈયારી કરે છે.

શહેરના વેસુ વી.આઈ.પી. રોડ ખાતે 65 ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન શનિવારે 12 ફેબ્રુઆરીએ કરવામાં આવશે. હાલ રાવણના આ પૂતળાનું મોટા ભાગનું કામ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. જો કે, આ વખતે પ્રથમવાર રાવણ સાથે કુંભકર્ણ અને મેઘનાથના પૂતળાનું દહન થશે અને આ પૂતળાં તૈયાર કરનાર મુસ્લિમ યુવકો છે. સુરતમાં ભાઈચારાનો ઉત્તમ ઉદાહરણ આ મુસ્લિમ યુવાનો પોતાની નિષ્ઠાના માધ્યમથી આપી રહ્યા છે. રાવણ સહિત 50 ફૂટ ઊંચા કુંભકર્ણ અને મેઘનાથનું પૂતળાં પણ બનાવવામાં આવ્યાં છે. જે વાંસ, પેપર વગેરે મટિરિયલથી પૂતળાં તૈયાર કરી રહ્યાં છે. આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા છેલ્લાં 47 વર્ષથી રામલીલા અને રાવણ દહનનું આયોજન કરતી આવી છે.

## હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઇ ભેદ નથી

શહેરમાં રામલીલાનું આયોજન કરતા આયોજક અનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, વિશાળ રાવણનું પૂતળું તૈયાર કરનાર મુસ્લિમ સમાજના કારીગરોના જણાવ્યાનુસાર તેઓ હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદ નથી રાખતા. આ પૂતળું તૈયાર કરવામાં અલગ અલગ કારીગરો કામે લાગ્યા છે. જ્યાં 40 દિવસની મહેનત બાદ આ વિશાળ રાવણનું પૂતળું તૈયાર કરવામા આવી રહ્યું છે. 40 વર્ષથી તેઓ ઓર્ડર પ્રમાણે રાવણનાં પૂતળાં તૈયાર કરે છે. હાલ રાવણના પૂતળાનું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. જેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. 40 દિવસ દરમિયાન જે મહેનત આ કારીગરો કરે છે તેના કારણે તેમના પરિવારને ભરણપોષણ માટે આવકનું સારું સાધન મળી જાય છે. ત્યારબાદ તેઓ મથુરા જઈ પેઇન્ટિંગ અને નાનાં-મોટાં મજૂરી કામ કરતા હોય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### P&G હેલ્થની 12 કા નારા ઝુંબેશ એનિમિયા જાગૃતતાને ઉપલબ્ધ અને કારગર બનાવી રહી છે

મુંબઈઃ ભારતમાં 2માંથી 1 મહિલા થાક, નબળાઇ, શ્વાસ ચઢવો અને માથાના દુ:ખાવા જેવા લક્ષણો સાથે એનિમિનિક 1 છે,જે જીવનની ગુણવત્તા અને તેમની ઉત્પાદકતા પ્રભાવિત કરે છે.લોહતત્વની ઊણપના પરિણામે એનિમિયા (IDA)ની બહોળી આરોગ્ય સમસ્યાથી ઊભાથયેલા પડકારોનો સામનો કરવા P&G હેલ્થ ઇન્ડિયાએ ભારતના અગ્રગણ્ય આરોગ્ય સંભાળ સંગઠન પૈકીના એકફેડરેશન ઓફ ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ સોસાયટી ઓફ ઇન્ડિયા (FOGSI)ની સાથે સહકારમાં 12નો નારોનામની નવી ઝૂંબેશ શરૂ કરી છે. તાજેતરના રાષ્ટ્રીય પરિવાર સર્વેક્ષણ (NHFS-5)ના આંકડા અનુસાર, ભારતમાં 57% જેટલી વ્યાપક માત્રામાં મહિલાઓ એનિમિયાનો શિકાર છે.2 કા નારા ઝૂંબેશ જાગૃતતા અને કાર્યવાહીની વચ્ચે રહેલોઅંતરાય દૂર કરવાના હેતુથી શરૂકરવામાં આવી છે અને Hbના ઇષ્ટતમ 12ના સ્તરને જાળવી રાખવા ઉપર ભાર મુકવામાં આવે છે. તેમાં ખાસ કરીને મહિલાઓમાં એનિમિયાનું વહેલું નિદાન અને તે સંબંધિત શિક્ષણ ઉપર તરફ ધ્યાન આપવામાં આવે છે.

### આર્ટ ઓફ લિવિંગ-સુરત દ્વારા ત્રણ દિવસ માટે વૈદિક નવરાત્રિ ઉજવાશે



સુરતઃ નવદુર્ગા માતાની આરાધના પણ આ નવ દિવસો દરમિયાન આસ્થા સાથે થાય છે. આર્ટ ઓફ લિવિંગ-સુરત પરિવાર પણ વિશ્વ કલ્યાણ અને શાંતિ અર્થે પૂજા અર્ચના કરશે. 8થી 10 ઓક્ટોબર દરમિયાન ત્રણ દિવસ સુધી બેંગલોર થી પધારેલા સ્વામી શ્રદ્ધાનંદજીના સાનિધ્યમાંપૂજા, હોમ-હવન, આરતી અને મહાપ્રસાદ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### અખિલ ભારતીય અગ્રવાલ સંગઠન મહિલા શાખા દ્વારા કન્યા પૂજનનું આયોજન કરાયું



સુરતઃ અખિલ ભારતીય અગ્રવાલ સંગઠન મહિલા શાખા ગુજરાત દ્વારા શારદીય નવરાત્રિ દરમિયાન પ્રાથમિક શાળા વેસુ ખાતે કન્યા પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરુઆત મુખ્ય અતિથિ સંગઠનના રાષ્ટ્રીય મહામંત્રી રાજેશ ભારુકા દ્વારા મા અંબેના દીપ પ્રગટાવી કરવામાં આવી હતી. ત્યારબાદ બધા સભ્યો તથા શાળા પરિવાર દ્વારા માતાજીની આરતી કરી ગરબા રમ્યા હતા. ત્યારબાદ શાળા પરિવારની 225 કન્યાઓનો પૂજન અગ્રવાલ સંગઠનના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું અને શાળાના 500 વિદ્યાર્થીઓને ભોજન પ્રસાદી કરાવી હતી. આ પ્રસંગે રતન લાલ દારુકા, સુનિતા અગ્રવાલ સહિત મોટી સંખ્યામાં સંગઠનના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ઉત્તર ગુજરાત બીબીએ એન્ડ બીસીએ કોલેજનું ગૌરવ



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. દ્વારા તા.૨૫/૯/૨૦૨૪ના રોજ રાયફલ શુટિંગનું આયોજન સુરતની ધારૂકાવાલા કોલેજ ખાતે થયું હતું, જેમાં શ્રી ઉત્તર ગુજરાત બીબીએ કોલેજના એસ.વાય.બીબીએમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સેન ભૂમિકાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. વધુમાં આ વિદ્યાર્થિની આગામી દિવસોમાં પંજાબ યુનિવર્સિટી-ચંદીગઢ મુકામે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

### જ્ઞાનનો અભાવ દૃષ્ટિહીનતા સમાન છે અને નૈતિકતાનો અભાવ પંગુતાસમાન છેઃ આચાર્ય મહાશ્રમણજી



સુરતઃ આચાર્ય મહાશ્રમણજીએ મંગળવારે મહાવીર સમવસરણમાં તેમના પ્રવચનમાળાની શરૂઆત કરતા પહેલા ઉપસ્થિત લોકોને નવરાત્રિનુંઆધ્યાત્મિક અનુષ્ઠાન કરાવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત લોકોને આચારો આગમ આધારિત પ્રવચન શૃંખલામાં તેમણે જણાવ્યું કે, માણસે પોતાના જીવનમાં જ્ઞાન અને આચાર બંનેને મહત્વ આપવું જોઈએ. જ્ઞાનનો અભાવ દૃષ્ટિહીનતા સમાન છે અને નૈતિકતાનો અભાવ પંગુતા સમાન છે. માત્ર જ્ઞાન હોવું એ પણ ઊણપની વાત છે અને જ્ઞાન વિના આચરણ ક્યારેય સારું હોઈ ન શકે. જ્ઞાન અને આચારનો સમન્વય હોય તો પૂર્ણતાની વાત થઈ શકે. તીર્થંકરોની વાણીમાંથી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અપરિગ્રહ વગેરેનું જ્ઞાન મળે છે અને તે પ્રમાણે મનુષ્ય વર્તન કરે તો પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે.

### સાંસદ મુકેશભાઈ દલાલની ઉપસ્થિતિમાં રાંદેર પીપલ્સ બેંકનો પ્રશિક્ષણ શિબિર યોજાયો



સુરત : ધી રાંદેર પીપલ્સ કો. ઓ. બેંકનો કર્મચારી પ્રશિક્ષણ શિબિર શ્રી ઔદિચ્ય બ્રહ્મસમાજ સ્વ. જદુરામભાઈ જોષી હોલમાં સંપૂર્ણ એક દિવસ માટે આયોજીત કરવામાં આવ્યો હતો. શિબિરનું દિપ પ્રાગટયથી ઉદ્ઘાટન સુરતનાં સાંસદ મુકેશભાઈ દલાલે કર્યુ હતું. તેઓએ પોતાના સુરત પીપલ્સ બેંક સાથેનાં પોતાના એક કર્મચારી તરીકે એક ચેરમેન તરીકેનાં અનુભવને બેંકીંગ દુનિયાની પેપર અને પેપરલેસ વહીવટની ગતિ અને પ્રગતિનાં પ્રસંગો સાથે કર્મચારીઓને પ્રોત્સાહીત કર્યા હતા.ગોપાળભાઈ ધકાણે આરબીઆઈના નવા નવા સર્ક્યુલરનાં અર્થઘટન અને અમલ સાથે બેંકિંગ વ્યવસ્થાને વધુ સુરક્ષિત અને ગ્રાહકલક્ષી બનાવવા માટેનો લેશન પુરૂ પાડ્યુંહતું. ઓડિટર અશોક પરીખે બેકિંગ ક્ષેત્રનાં ઉદ્ભવતા પ્રશ્નો અને તેના નિરાકરણ માટેની વ્યુહરચના સમજાવી હતી. નિરજ નાયકે બેંકની પંચનિષ્ઠા અને તેની સાર્થકતા આજની સહકારથી સમૃધ્ધિનાં સાપેક્ષમાં સત્યનારાયણની કથા કર્મચારીઓને હૃદયહસ્ત કરાવી હતી. શિબિરનાં પ્રેરણાસ્ત્રોત બેંકનાં ચેરમેન કમલેશભાઈ સેલરે બેંકનાં બિઝનેસ લક્ષ્યાંકને હાંસલ કરવા માટેનાં આહ્વાન સાથે સૌ વક્તાઓનો આભાર વ્યકત કર્યો હતો.

### NTPC કવાસના હેડ તરીકે સુરેશ જોન ડેવિડે ચાર્જ સંભાળ્યો



સુરતઃ જનરલ મેનેજર (કવાસ) પ્રોજેક્ટ (HOP) NTPC કવાસ સ્ટેશનના વડા તરીકે સુરેશ જહોન ડેવિડે આજે ચાર્જ સંભાળ્યો હતો. અગાઉ, તેઓ NTPC સિમ્હાદ્રીના (ઓપરેશન અને મેન્ટેનન્સ) વિભાગમાં જનરલ મેનેજર તરીકે કામ કરતા હતા. સુરેશ જોન ડેવિડ, કેરળ યુનિવર્સિટી, ત્રિવેન્દ્રમમાંથી બી.ટેક. મિકેનિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવી છે. સુરેશ જહોન ડેવિડે 31.08.1988 ના રોજ એક્ઝિક્યુટિવ ટ્રેઇની તરીકે એનટીપીસીમાં તેમની કારકીર્દીની શરુઆત કરી હતી. તેમની કારકિર્દી દરમિયાન તેઓ NTPC રામાગુંડમ, કયામકુલમ, કોરબા, ઈન્ડિયન રેલવે ઈલેક્ટ્રિસિટી કંપની લિ. અને સિમ્હાદ્રીમાં વિવિધ હોદ્દાઓ સફળતાપૂર્વક સંભાળ્યા છે. તેઓ NTPC સાથે 36 વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે.